# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૭/૭/૨૦૨૧

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'લેબર લો' વિશે બે દિવસીય વર્કશોપ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૬ અને ૧૭ જુલાઇ ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'લેબર લો' વિષય ઉપર બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કંપનીઓના એચ.આર. કન્સલ્ટન્ટોએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં ફેકલ્ટી તરીકે લેબર લો કન્સલ્ટન્ટ સોહેલ સવાણીએ પ્રોફેશનલોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

સોહેલ સવાણીએ પ્રથમ દિવસે કોવિડ ૧૯ પછી ઇ.એસ.આઇ. અને પી.એફ. અંતર્ગત મળતા લાભો વિશે એચ.આર. કન્સલ્ટન્ટોને અવગત કર્યા હતા. આત્મનિર્ભર ભારત રોજગાર યોજના હેઠળ રોજગારની તકો કઇ રીતે વધી શકે અને ઔદ્યોગિક એકમો તથા કંપનીઓના માલિકોને પ્રોત્સાહન કઇ રીતે મળી શકે તે દિશામાં તેમણે વિસ્તૃત માહિતી આપી હતી. ઇએસઆઇ સ્કીમ હેઠળ બેરોજગારી ભથ્થું કઇ રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગ ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેમણે ઇડીએલઆઇ સ્કીમ હેઠળ કોવિડ ૧૯માં મૃત્યુ પામેલા વ્યકિતઓના પરિવારજનોને રૂપિયા ૭ લાખ સુધીની સહાય કેવી રીતે મળી શકે તેની માહિતી આપી હતી.

બીજા દિવસે તેમણે ભવિષ્યમાં માલિકો સામે કર્મચારીઓના પી.એફ.ની મોટી જવાબદારી ઉભી નહી થાય તે માટે એચઆર કન્સલ્ટન્ટ મિત્રોને સેલેરી સ્ટ્રકચર ડિઝાઇન કરતી વખતે કઇ કઇ બાબતોને ઘ્યાનમાં રાખવી જોઇએ તેના વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. વર્કશોપ દરમ્યાન તેમણે પ્રોફેશનલોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા.